# આરતી - જય જય આરતી આદિ જિણંદા

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

જય જય આરતી આદિ જિણંદા (૨)

નાભિરાયા મરુદેવીકો નંદા (૨)

જય જય આરતી આદિ જિણંદા (૨)

પહેલી આરતી પૂજા કીજે (૨)

નરભવ પામીને લ્હાવો લીજે (૨)

દૂસરી આરતી દિનદયાળા (૨)

ધુલેવા મંડપમાં જગ અજવાળા (૨)

તીસરી આરતી ત્રિભુવન દેવા (૨)

સુર નર ઇન્દ્ર કરે તોરી સેવા (૨) ... જય જય આરતી

ચોથી આરતી ચઉગતિ ચૂરે (૨)

મનવાંછિત ફળ શિવસુખ પૂરે (૨)

પંચમી આરતી પુણ્ય ઉપાયા (૨)

મૂળચંદે (ઋષભ) રીખવ ગુણ ગાયા (૨)

જય જય આરતી આદિ જિણંદા (૩)

2016-04-30, https://www.youtube.com/watch?v=uxSORP1O1-I